# મુંબઈ-દહેરાદૂન એક્સપ્રેસમાં આગ : નવ પ્રવાસી ભડથું

થાણે,તા.૮

બાંદ્રાથી દહેરાદૂન જઈ રહેલી મુંબઈ-દહેરાદૂન એક્સપ્રેસના ત્રણ ડબ્બામાં આગ ફાટી નીકળતાં ઓછામાં ઓછા નવ લોકો ભડથુ થઈ ગયા છે. ટ્રેનના ડબ્બામાં આગ લાગવાનો આ બનાવ મહારાષ્ટ્ર-ગુજરાતની સરહદ નજીક ડહાણુ સ્ટેશન નજીક બન્યો હતો. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. મુંબઈ-દહેરાદૂન એક્સપ્રેસના આગ લાગવાના બનાવમાં અન્ય કેટલાક પ્રવાસીઓ ઘાયલ પણ થયા હતા. રેલવે તંત્ર પણ આ બનાવથી હચમચી ઉઠ્યું હતું. પ્રાપ્ત અહેવાલ મુજબ મુંબઈ-દહેરાદૂન એક્સપ્રેસમાં આગનો બનાવ વહેલી પરોઢે ૨.૩૦ વાગે બન્યો હતો. દહેરાદૂન જઈ રહેલી ટ્રેનમાં ત્રણ ડબ્બામાં આગ ફાટી નીકળી હતી. આગ લાગવાના કારણે આ એક્સપ્રેસ ટ્રેનના એસ-૨, એસ-૩ અને એસ-૪માં ધૂમાડા જોવા મળ્યા હતા. નવ લોકોને મોતને સમર્થન મળી ચૂક્યું છે. મૃતકોની સંખ્યા વધવાની દહેશત પ્રવર્તી રહી છે. અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે રેલવે દ્વારા તપાસ પણ હાથ ધરવામા આવી છે. વેસ્ટન રેલવેના અધિકારી પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે આગની શરૂઆત એસ-૨ અને એસ-૩ કોચ વચ્ચે થઈ હતી. ત્યારબાદ ઝડપથી નજીકના એસ-૪ સુધી આગ પહોંચી ગઈ હતી. આગ ફાટી નીકળી ત્યારે યાત્રીઓ ઊંઘી રહ્યા હતા. લેવલ ક્રોસીંગ ગેટ મેન દ્વારા ઝડપથી પસાર થતી ટ્રેનમાં આગ અંગેની નોંધ લીધી હતી. ગેટ મેને તરત જ ગાર્ડને જાણ કરી હતી. જ્યારે ગાર્ડે તરત જ ડ્રાઈવરને જાણ કરી હતી. ત્યારપછી ટ્રેનને રોકી દેવામાં આવી હતી. ગેટમેને ઉલ્લેખનીય કામગીરી અદા કરી હતી અને મોટી દુર્ઘટના ટાળી દેવામાં ગેટમેને ભૂમિકા ભજવી છે. પ્રવક્તાએ કહ્યું છે કે ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આગમાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ કરવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે જે પૈકીના બેની ઓળખ કરી લેવાઈ છે. આમા એક ઘાટકોપરના દીપિકા શાહ અને બીજા બોરીવલ્લીના દેવશંકર ઉપાધ્યાયનો સમાવેશ થાય છે. ઈજાગ્રસ્તોની ઓળખ થઈ શકી નથી. ઘોલવાડ સ્ટેશન નજીક ટ્રેનને રોકવામાં આવ્યા બાદ આગ ઉપર તરત જ કાબૂ મેળવવામાં આવ્યો હતો. ઘોલવાડ રેલવે સ્ટેશન મહારાષ્ટ્ર-ગુજરાતની સરહદ ઉપર મુંબઈથી ૧૪૫ કિલોમીટરના અંતરે છે. રાહત ટ્રેન પણ મુંબઈથી અને ગુજરાતથી મોકલવામાં આવી હતી. ઈજાગ્રસ્તોને દહાનુ અને ઘોલવાડમાં હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. બનાવની જાણ થયા બાદ ટોપના વેસ્ટન રેલવેના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા જેમાં રેલવે ડિવિઝનર મેનેજરનો પણ સમાવેશ થાય છે.



(તસવીર : વિપુલ ચૌહાણ)





## મૃતકના પરિવારને પાંચ-પાંચ લાખ આપવાની જાહેરાત થઈ

થાણે,તા. ૮

મહારાષ્ટ્ર-ગુજરાત સરહદ નજીક દહાણુ પાસે મુંબઈ-દહેરાદૂન એક્સપ્રેસમાં આગ ફાટી નીકળ્યાના બનાવ અંગે રેલવે પ્રધાન મલ્લિકા અર્જુન ખડગેએ આઘાત અને દુઃખ વ્યક્ત કર્યું છે અને મૃતકોના પરિવારને પાંચ-પાંચ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. સાથે સાથે આ બનાવમાં તપાસનો પણ આદેશ આપ્યો છે. આ મામલામાં રેલવે બોર્ડ દ્વારા તપાસ કરવામાં આવશે. બીજી બાજુ બનાવની જાણ થયા બાદ ટોચના વેસ્ટર્ન રેલવેના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ઘટના સ્થળે પહોંચેલાઓમાં ડિવિઝનલ રેલવે મેનેજરનો પણ સમાવેશ થાય છે. રાહત કામગીરી ઉપર નજર રાખવામાં આવી રહી છે. આગ ઉપર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે.

## લોકસભામાં ૨૭૨ સીટ જીતવા ભાજપનું ટાર્ગેટ નક્કી

ભોપાલ,તા.૮

લોકસભાની ચૂંટણી આડે હવે ખૂબ ઓછા મહિના બાકી રહી ગયા છે ત્યારે ભાજપે લોકસભામાં ૨૭૨ બેઠકો જીતવા માટે લક્ષ્ય નક્કી કરી લીધું છે. એનડીએની ભાગીદારીને આગળ વધારવાની પણ તૈયારી કરી લીધી છે. આગામી લોકસભાની ચૂંટણીમાં ૨૭૨થી વધુ બેઠકોના મહત્વકાંક્ષી લક્ષ્યને હાંસલ કરવા નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપે આની તૈયારી પણ હાથ દરી છે. ભોપાલમાં મધ્ય પ્રદેશ ભાજપ રાજ્ય કારોબારીના ઉદ્‌ઘાટન સત્રમાં એવો સ્પષ્ટ સંદેશો અપાયો હતો કે લોકસભા ચૂંટણીમાં ૧૮૦-૨૦૦ સીટ કરતા વધારે સીટ મેળવવાની ગણતરી કરવામાં આવી છે. ભાજપના રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી અનંત કુમારે માહિતી આપતા કહ્યું છે કે અમે મહત્તમ સંખ્યામાં બેઠકો જીતવાની સ્થિતિમાં છીએ. કુમારે કહ્યું હતું કે કોંગ્રેસની પહેલાંથી જ હાર થઈ ચૂકી છે. ૧૯૭૭માં જનતા પાર્ટીએ જે સફળતા મેળવી હતી તે સફળતા મેળવવાનું અમારું લક્ષ્ય છે. ૨૮૬ સીટ જીતીને સ્પષ્ટ બહુમતી મેળવવાનો હેતુ રહેલો છે. માત્ર અનંત કુમાર જ નહીં ભાજપના રાજ્ય પ્રમુખ નરેન્દ્રસિંહ તોમર પણ આ પડકાર માટે રાજ્ય નેતાગીરીને વાત કરી ચૂક્યા છે. હજુ સુધી એનડીએના ગઠબંધન તરીકે અમે ચૂંટણી લડી છે પરંતુ આ વખતે સ્થિતિ જુદા પ્રકારની છે. અમારા નેતાઓ ભાજપ સરકારનું સ્વપ્ર ધરાવે છે જેથી અમારી પાર્ટી સમક્ષ રહેલા પડકારોને દૂર કરવામાં આવે તે જરૂરી છે. તોમરે મધ્ય પ્રદેશમાં તમામ ૨૯ બેઠકો ભાજપ જીતે તેવી ઈચ્છા વ્યક્ત કરી છે. સાથે સાથે ટાર્ગેટ પણ નક્કી કરવામાં આવ્યા છે. લોકસભામાં બહુમતી મેળવવાની બાબત સરળ દેખાઈ રહી નથી જેથી પાર્ટીએ દાવો કર્યો છે કે તે દરેક રાજ્યોમાં દરેક બેઠક ઉપર ચૂંટણી લડશે. ભાજપ શાસિત રાજ્યોમાં ૧૦૦ ટકા જીતનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

## એએપીની ઓફિસ ઉપર ભારે તોડફોડ

ગાજિયાબાદ,તા. ૮

આમ આદમી પાર્ટીની કોસામ્બી ઓફિસ પર કેટલાક લોકોએ હિંસક હુમલો કરીને ભારે તોડફોડ કરી હોવાનું જાણવા મળ્યુ છે. હિન્દુ સંગઠન દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યુ છે. બીજી બાજુ આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે તોડફોડની ઘટનાને વખોડી કાઢીને આની નિંદા કરી છે. કેજરીવાલે કહ્યુ છે કે જો તેમને મારવાથી કાશ્મીર મુદ્દો ઉકેલી શકાય છે તો તેઓ માર ખાવા માટે પણ તૈયાર છે અને હુમલાખોરોની ઈચ્છાવાળઆ સ્થળ પર જવા માટે તૈયાર છે. ઉત્તરપ્રદેશના ગાજિયાબાદમાં પાર્ટીની ઓફિસ પર થયેલા હુમલાને વખોડી કાઢીને કેજરીવાલે કહ્યુ હતુ કે આ ઘટના ખૂબજ દુઃખદ છે. દિલ્હીના મુખ્યમંત્રીએ એમ પણ કહ્યુ હતુ કે પ્રશાંત ભૂષણના નિવેદનને લઈને બિનજરૂરી રાજનીતિ રમવામાં આવી રહી છે. તેમણે ઉમેર્યુ હતુકે જો પ્રશાંત ભૂષણ અથવા તેમને મારવાથી કાશ્મીરની સમસ્યાનો ઉકેલ આવી શકે છે તો તે આના માટે તૈયાર છે. જો કે કેજરીવાલે ફરી પ્રશાંત ભૂષણના નિવેદન સાથે સહમત દેખાયા ન હતા. દરમિયાનમાં આમ આદમી પાર્ટીની ઓફિસ પર હુમલો કરાયાના કલાકો બાદ જ ગાજિયાબાદ પોલીસે આ બનાવના સંબંધમાં સાહિબાબાદ વિસ્તારના હિન્દુ રક્ષાદળના રાષ્ટ્રીય કર્વિનરની ધરપકડ કરવામાં આવી હતી. હિન્દુ રક્ષાદળના રાષ્ટ્રીય કર્વિનર પિંકી ચૌધરીની ધરપકડ ઉપરાંત પોલીસે આ સંદર્ભમાં અન્ય એકની પણ ધરપકડ કરી હતી. પોલીસ અધિકારીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે અમે એએપીની ઓફિસ પર હુમલો કરવા બદલ બેની ધરપકડ કરી છે. સીસી ટીવીના ફોટાઓના આધાર પર તપાસ ચાલી રહી છે. અગાઉ હિન્દુ રક્ષાદળના કાર્યકરોએ એએપીની ઓફિસ પર હુમલો કર્યો હતો. હિન્દુ રક્ષાદળના૪૦થી વધુ કાર્યકરો ઓફિસ પર પહોંચી ગયા હતા અને ભારે તોડફોડ મચાવી હતી. પાર્ટીના પોસ્ટરો ફાડી દીધા હતા કેટલાક કાચ દરવાજાના તોડી દીધા હતા. તેમની ધરપકડ બાદ ચૌધરીએ કહ્યુ હતુકે અમે કાશ્મીર અંગે એએપીનાનેતા પ્રશાંત ભૂષણના સૂચનની વિરુદ્ધમાં છીએ. આ હુમલો બાટલા એન્કાઉન્ટર અંગે કેજરીવાલના સૂચનથી વધુ ભડકી જશે. ભૂષણે તાજેતરમાં જ કહ્યુ હતુ કે ખીણમાં સુરક્ષા ખતરાને પહોંચી વળવા સેનાની તૈનાતી અંગે નિર્ણય કરવા કાશ્મીરમાં જનમતની જરૂર છે. હુમલાખોરો પાંચથી છ ગાડીઓમાં બેસીને પહોંચ્યા હતા. કેટલીક ગાડી પર હરિયાણાના નંબર હતા.



## લડાખમાં દર ૧૪ દિવસમાં ચીની સૈનિકોની ઘૂસણખોરી

નવી દિલ્હી,તા.૮

સરહદ ઉપર ચીનના દુસાહસના પ્રયાસો જારી રહ્યા છે. છેલ્લા થોડાક મહિનામાં ચીનના સૈનિકો દર ૧૪ દિવસના ગાળામાં લડાખમાં એલએસીને પાર કરીને ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરી રહ્યા છે. જેના કારણે સરહદ ઉપર તંગદિલી પણ વધી છે. દરેક ૧૪ દિવસમાં લડાખમાં ચીની સૈનિકોની ઘૂસણખોરીને લઈને સરકારની ઊંઘ હરામ થઈ ગઈ છે. સુરક્ષા સૂત્રોએ કહ્યું છે કે ચીને એક વ્યૂહરચના અપનાવી લીધી છે. ચીનના સૈનિક ૧૯-૨૦ ડિસેમ્બર બાદ ફરી એકવાર જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં લડાખમાં ઘૂસી ગયા હતા. ચીનના સૈનિકો આ ક્ષેત્રમાં પોતાની હાજરી પૂરવાર કરવા આ પ્રકારના પ્રયાસ કરી રહ્યા છે. આ ક્ષેત્રમાં તીવ્ર ઠંડીના કારણે કલાકો સુધી રોકાયા બાદ ફરી જતાં રહે છે પરંતુ ચીની સૈનિકોની ઘૂસણખોરીને લઈને ચિંતા ઊભી થઈ ગઈ છે. સૂત્રોનું કહેવું છે કે ઘૂસણખોરીની આ ઘટનાઓથી કોઈ ખતરો નથી પરંતુ તેની પ્રવૃત્તિ ચોક્કસપણે ચિંતા ઉપજાવે તેવી છે. જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં ચીની સૈનિકો સવારના ગાળામાં ચુમાર સેક્ટરમાં ઘૂસી ગયા હતા અને ભારતીય સૈનિકોની નજર પડ્યા બાદ પરત જતા રહ્યા હતા. ચુમાર સેક્ટર લેહથી ૩૦૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. ચીન અને ભારત સરહદ પર આ જ એક જગ્યા એવી છે જ્યાં ચીની સૈનિકોની કોઈ સીધી પકડ દેખાતી નથી. આવી સ્થિતિમાં ચીની સૈનિકો દ્વારા ઘૂસણખોરી પ્રશ્નો ઉઠાવે તેવી છે. ચીની સૈનિકોની ઘૂસણખોરીના મુદ્દે વારંવાર ટોચના સ્તર ઉપર રજૂઆત કરવામાં આવી હોવા છતાં આ પ્રકારની તેની પ્રવૃત્તિ જારી રહી છે. ભારત અને ચીન ખૂબ જ સાવધાનીપૂર્વક આગળ વધી રહ્યા છે પરંતુ ચીની સૈનિકોની ઘૂસણખોરીને લઈને ભારતને કઠોર વલણ અપનાવવાની જરૂર છે.

## મર્સિડિઝની એસ ક્લાસ લક્ઝરી કાર લોન્ચ કરાઈ

જર્મનીની કાર બનાવતી કંપની મર્સિડિઝ બેન્જે આજે તેની એસક્લાસ લક્ઝરી સેડાન કાર લોન્ચ કરી હતી. આ કારની કિંમત દિલ્હીના એક્સ શોરૂમમાં ૧.૫૭ કરોડ રૂપિયા રાખવામાં આવી છે. મર્સિડિઝ બેન્જ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓએ આજે માહિતી આપતા કહ્યુ હતુ કે અમે માત્ર ૩ મહિનાની અંદર ભારતમાં તમામ નવી એસ ક્લાસ કાર લોન્ચ કરી રહ્યા છીએ. ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં વૈશ્વિક સ્તરે લોન્ચ કરવામાં આવ્યા બાદ આ કાર ત્રણ મહિનાના ગાળામાં ભારતમાં લોન્ચ થઈ છે. આ કંપની આઠ નવી પ્રોડક્ટ ૨૦૧૩માં લોન્ચ કર્યા બાદ પરંપરાને આગળ વધારશે. શરૂઆતમાં બહારથી પ્રોડક્ટ તૈયાર થયા બાદ લોકલ સ્તરે પણ પ્રોડક્ટ ઉપલબ્ધ કરાવવામાં આવશે. નવી એસક્લાસ કાર હાલમાં સંપૂર્ણપણે બહારથી આવશે.

## આમિર બાદ સલમાન હવે નવા ટેલિવિઝન શોમાં હશે

મુંબઈ, તા.૮

સલમાન ખાન અને આમિર ખાન પોતાની નજીકની મિત્રતા માટે ખૂબજ જાણિતા રહ્યા છે. આ બંને એકબીજાનું સન્માન કરે છે અને એક બીજાને પોતાના કરતા મોટા સ્ટાર તરીકે ગણે છે. અલબત્ત સલમાન ખાનની ફિલ્મો આમિરખાનની ફિલ્મો કરતા જુદા પ્રકારની ફિલ્મો હોય છે છતાં આ બંને ખાનની ફિલ્મો બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થાય છે. દબંગ સ્ટાર સલમાન ખાન માને છે કે આમિર ખાન તેના કરતા મોટો સ્ટાર છે. આવી જ રીતે આમિર પણ માને છે કે તેનો મિત્ર સલમાન ખાન તેના કરતા વધુ લોકપ્રિય અને મોટો સુપરસ્ટાર છે. ટીવી લોકપ્રિય શો બીગબોસ સતત ચાર વખત યોગ્યા બાદ સલમાન ખાન હવે વધુ એક ટીવી શો માટેની તૈયારીમાં છે. જો કે આ કોઈ ગેમ શો હશે નહીં પરંતુ લોકોની જુદી જુદી વિચારધારાને આમાં રજુ કરવામાં આવશે. સલમાન ખાન સામાજિક મુદ્દાઓ પર આધારિત શો રજુ કરવા જઈ રહ્યો છે. તેના નજીકના મિત્ર આમિર ખાને વર્ષ ૨૦૧૨માં લોકપ્રિય ટીવી શો સત્યમેવ જયતેની સાથે શરૂઆત કરી હતી. નવા શોની સાથે સલમાન આમિરની જેમજ રજુ કરનાર છે. સુપરસ્ટારે કહ્યુ છે કે તેના શોમાં સત્યમેવ જયતે કરતા નવી વિશેષતા રહેશે. સલમાનના બ્રાન્ડ ન્યૂ શોને જોવા માટે ચાહકો ઉત્સુક બન્યા છે. સલમાન હાલમાં તેની તમામ સુપરહીટ ફિલ્મો આપી રહ્યો છે આવા સમયમાં નવા ટીવી શોને લઈને પણ હિલચાલ હાથ ધરવામાં આવી છે. હાલમાં સલમાન ખાન બીગબોસ શો રજુ કરતી વેળા ધૂમ-૩ ફિલ્મના પ્રચાર માટે પણ નજરે પડ્યો છે. આમિર ખાન દ્વારા મોકલવામાં આવેલી કેપમાં પણ તે નજરે પડ્યો હતો. આના માટે આમિર ખાને તેનો આભાર માન્યો હતો સાથે સાથે એમ પણ કહ્યુ હતુ કે તે પોતાના મિત્ર માટે કાંઈ પણ કરવા તૈયાર છે.

**દિલ્હી પર જ ધ્યાન કેન્દ્રિત કરવા સલાહ**

## લોકસભાની ચૂંટણી ન લડવા કેજરીવાલને અણ્ણાનું સૂચન

નવી દિલ્હી,તા. ૮

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારેએ આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને કેટલીક સલાહ આપી હતી. અણ્ણાએ લોકસભાની ચૂંટણી ન લડવા કેજરીવાલને સલાહ આપી છે અને કહ્યુ છે કે હાલમાં દિલ્હી પર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તે જરૂરી છે. અણ્ણાએ કહ્યુ છે કે હાલમાં સમગ્ર દેશમાં ચૂંટણી લડવાની એએપીની યોજના યોગ્ય નથી. અણ્ણાએ પોતાનો અભિપ્રાય આપતા કહ્યુ હતુકે હાલમાં માત્ર દિલ્હી પર કેજરીવાલ ધ્યાન કેન્દ્રિત કરે તે જરૂરી છે. અરવિંદ કેજરીવાલની પાર્ટી એએપી પહેલાથી જ ૨૦ રાજ્યોમાં આશરે ૩૦૦ લોકસભા બેઠક પર ચૂંટણી લડવાની જાહેરાત કરી ચુકી છે જેમાં ગુજરાત, ઉત્તરપ્રદેશ અને હરિયાણાની તમામ બેઠકનો સમાવેશ થાય છે. પાર્ટી પોતાના ઉમેદવારોની પ્રથમ યાદી જાન્યુઆરી મહિનામાં જાહેર કરશે. અણ્ણા હજારે અને અરવિંદ કેજરીવાલ વચ્ચે મતભેદ માટેના મુખ્ય કારણ ચૂંટણી છે. પહેલા પણ જ્યારે કેજરીવાલે રાજકીય પાર્ટી બનાવવાની જાહેરાત કરી હતી ત્યારે અણ્ણાએ વાંધો ઉઠાવ્યો હતો. ત્યારબાદ ભ્રષ્ટાચારના વિરોધમાં ચાલેલા આંદોલનમાં વિભાજનની સ્થિતિ સર્જાઈ હતી. અલબત્ત કેજરીવાલ પીછેહઠ કરવામાં રહ્યા ન હતા. તેઓએ પાર્ટીની રચના કરી હતી અને દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી પણ લડી હતી. આ ચૂંટણીમાં કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટીએ ઈતિહાસ સર્જ્યો હતો અને સર્વશ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. કેજરીવાલ દિલ્હીમાં લઘુમતિ સરકાર પણ બનાવી ચુક્યા છે. અણ્ણા હજારેના સૂચન અંગે આમ આદમી પાર્ટી તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.



## સમાચાર ઝલક

- ♥ ગુનેગારો નિર્દોષ છુટી જાય છે તે માટે અલાયદુ તંત્ર રચી તપાસ અધિકારી સામે કાર્યવાહી કરવા સુપ્રીમનો આદેશ.
- ♥ ભારતનું અર્થતંત્ર સુદૃઢ જોવાના દિવસો આવી રહ્યા છે-વડાપ્રધાન મનમોહનસિંહજી
- ♥ ભ્રષ્ટાચાર રોકવા માટે દિલ્હી સરકાર હેલ્પલાઈન શરૂ કરશે.
- ♥ ગુજરાતભરમાં રાસાયણિક ખાતરની સર્જાયેલી તંત્રી-ખેડૂતો પરેશાન.
- ♥ શ્રી નરેન્દ્ર મોદી તથા શ્રી અરવિંદ કેજરીવાલના ફોટાવાળા પતંગોની માંગ.
- ♥ રાજકોટમાં આંગણવાડીઓ દત્તક લેવાની પહેલ.
- ♥ અંબાજીમાં ૫૧ પીઠ દેવીના સ્થળો ગબ્બર પર બનશે. ૩૦૦૦ પગથિયામાં પરિક્રમા કરી શકાશે. ૧૨મી ફેબ્રુઆરીએ ખુલ્લુ મુકાશે.
- ♥ ગાઝીયાબાદમાં એપીપી કાર્યાલય પર હુમલો.
- ♥ અમદાવાદ સાબરમતી જેલમાં કેદીઓ સાથે અથડામણ થઈ.
- ♥ અમદાવાદ આવતી અનેક ટ્રેનો મોડી પડી.
- ♥ જામનગરમાં રકતદાનનું બ્લડ નાશ કરાયું.
- ♥ સીરીયામા આંતરિક અથડામણમાં ૪૦નાં મોત, રાસાયણિક શસ્ત્રોનો ઉપયોગ.
- ♥ કૈલાસ માનસરોવરની યાત્રા માટે વિદેસ મંત્રાલયે સુચનાઓ તારીખો જાહેર કરી.
- ♥ કોલસા ગોટાળામાં સીબીઆઈએ ૧૪ ફરિયાદ કોર્ટમાં દાખલ કરી.
- ♥ અમદાવાદમાં હોટલમાં યુવાનની લાશ મળતાં યુવતીની અટકાયત કરાઈ.
- ♥ સ્પેનના રાજાની પુત્રી કરચોરીમાં ઝડપાઈ.
- ♥ ઉત્તરપ્રદેશના નવ મંત્રીઓ ૧૮ દિવસ માટે વિદેશ યાત્રાએ.
- ♥ ભુજના ઉદ્યોગપતિનો ખુની રાજસ્થાનથી ઝડપાયો.

## કોલસા કૌભાંડ : સીબીઆઈ દ્વારા બે નવી ફરિયાદ દાખલ

નવી દિલ્હી,તા. ૮

સીબીઆઈએ આજે કોલસા બ્લોક ફાળવણી કેસમાં ગેરરીતિના મામલામાં બે કંપનીઓ સામે નવી ફરિયાદો દાખલ કરી હતી. દિલ્હીમાં એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ હતુ કે સીબીઆઈ દ્વારા બે નવી ફરિયાદો દાખલ કરવામાં આવી ચુકી છે. જે કંપનીઓ સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે તેમાં કાસ્ટ્રોન ટેકનોલોજી લિમિટેડ અને બીએલએ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડનો સમાવેશ થાય છે. તપાસમાં કેટલાક જાહેર અને ખાનગી ક્ષેત્રના અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. સીબીઆઈ દ્વારા વર્ષ ૧૯૯૩થી ૨૦૦૫ના ગાળા દરમિયાન ફાળવવામાં આવેલા કોલસા બ્લોકના મામલામાં તપાસ કરવામાં આવી છે. ઝારખંડના ધનબાદ, કોલકાતા, મુંબઈ, મધ્યપ્રદેશના નરસિંગપુરમાં તપાસ કરવામાં આવી ચુકી છે. કોલસા કૌભાંડના કારણે મનમોહનસિંહના નેતૃત્વમાં યુપીએ સરકારની પ્રતિષ્ઠાને નુકસાન થયુ હતુ. મનમોહનસિંહ સરકારના ઘણા પ્રધાનો વિવાદના ઘેરમાં આવી ગયા હતા. વડાપ્રધાન મનમોહનસિંહ અને નાણાં મંત્રી પી ચિદમ્બરમ સામે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. ચિદમ્બરમ સામે મામલો કોર્ટમાં પણ પહોંચ્યો હતો. બીજી બાજુ કોલસા કૌભાંડના ગાળા વેળા મનમોહનસિંહ કોલસા ખાતુ સંભાળી રહ્યા હતા જેથી વિરોધ પક્ષોએ હોબાળો મચાવ્યો હતો.

## નાસિક જિલ્લાના વિવિધ ભાગોમાં હળવો આંચકો

નાસિક,તા. ૮

મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં આજે ૩.૨ની તિવ્રતા વાળો હળવો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો જેના કારણે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. જિલ્લાના સરગના, કલવાન, અને દેવલા તથા બાગલાન વિસ્તારમાં આંચકો અનુભવાયો હતો. આ આંચકો સવારે ૭.૨૧ વાગ્ય અનુભવાયો હતો. ભૂકંપ સાથે સંબંધિત વિભાગે પણ હળવા આંચકાને સમર્થન આપ્યુ છે. તાજેતરના સમયમાં ભારતના જુદા જુદા ભાગોમાં અનેક વખત આંચકાઓ નોંધાઈ ચુક્યા છે. રાજસ્થાન, મહારાષ્ટ્ર, જમ્મુ કાશ્મીર, હિમાચલમાં આંચકા લોકો અનુભવી ચુક્યા છે.

## ટુન્ડા ૧૩ જાન્યુઆરી સુધી પોલીસ કસ્ટડીમાં જ રહેશે

નવી દિલ્હી,તા. ૮

સીબીઆઈને ૧૩મી જાન્યુઆરી સુધી લશ્કરે તોયબાના ખતરનાક આતંકવાદી સૈયદ અબ્દુલ કરીમ ઉર્ફે ટુન્ડાની કસ્ટડી મળી ગઈ છે જેથી આતંકવાદીઓને નાણાં કોણ આપી રહ્યા છે તે અંગેના નામ જાણવામાં મદદ મળે તેવી શક્યતા છે. સીબીઆઈ વર્ષ ૧૯૯૦ દરમિયાન દેશમાં થયેલા સિરિયલ બોમ્બ બ્લાસ્ટમાં ફાઈનાન્સરોના નામ જાણવામાં આના લીધે મદદ મળશે. ટુન્ડાને અગાઉ નિયુક્ત ટાડા કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. ટુન્ડાની નવી દિલ્હીની જેલમાંથી પ્રોડક્શન વોરન્ટના આધારે ધરપકડ કરવામાં આવી હતી ત્યારબાદ અજમેરની નિયુક્ત ટાડા કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. સીબીઆઈને ૧૩મી જાન્યુઆરી સુધી ટુન્ડાની પોલીસ કસ્ટડી મળી ગઈ છે. રાજધાની એક્સપ્રેસ ટ્રેન બ્લાસ્ટને અન્ય બે વધુ આતંકવાદી કેસોના સંબંધમાં તેની ધરપકડ કરવામાં આવી છે. આ કેસ દિલ્હી અને જયપુર બોમ્બ બ્લાસ્ટ કેસ સાથે સંબંધિત છે. આ કેસો હાલમાં કોર્ટમાં પેન્ડીંગ છે. સીબીઆઈના અધિકારી ડીએસ ડગ્ગરે કોર્ટ સમક્ષ ટુન્ડાને રજુ કરતા જણાવ્યુ હતુ કે સમગ્ર મામલામાં સીબીઆઈ વધુ તપાસ કરવા માંગે છે. સીબીઆઈએ રજુઆત કરી હતી કે રાજધાની બ્લાસ્ટની તપાસ દરમિયાન ટુન્ડાનું નામ આવ્યુ હતુ. કેટલાક આરોપીઓએ પણ મુખ્ય કાવતરાખોર તરીકે ટુન્ડાનું નામ આપ્યુ હતુ જેથી સીબીઆઈ આ આતંકવાદી હુમલાઓ અને બ્લાસ્ટમાં ટુન્ડાની ભૂમિકા શું છે તે અંગે માહિતી મેળવવા માંગે છે. હવે ૧૩મી જાન્યુઆરીએ તેને ફરી કોર્ટમાં રજુ કરાશે.